પાવર ઓફ એટર્નીના દુરુપયોગની આશંકા

વૃદ્ધ દંપતીની જાણ બહાર વીમા પોલિસી ઉતારી પ્રીમિયમ કપાયાનો આક્ષેપ

HDFC સિક્યોરિટીઝના કર્મચારીઓ સામે વિશ્વાસઘાતની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરામાં વૃદ્ધ દંપતીની જાણ બહાર નિવા બુપા વીમા કંપનીની પોલિસીઓ ઉતારી બેંક ખાતામાંથી પ્રીમિયમની રકમ કપાયાના મામલે HDFC સિક્યોરિટીઝના કર્મચારીઓ સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં પાવર ઓફ એટર્નીનો કથિત દુરુપયોગ કરી ખોટી વિગતોના આધારે પોલિસીઓ લેવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં રહેતા મૌલેશભાઈ લક્ષ્મીકાંત છાયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના સસરા મહેશકુમાર વસાવડા અને સાસુ દક્ષાબેન વસાવડાએ વર્ષ 2003માં અલકાપુરીની HDFC બેંકમાં બચત ખાતાં ખોલાવ્યાં હતાં. બંનેએ HDFC સિક્યોરિટીઝમાં ટ્રેડિંગ એકાઉન્ટ પણ ખોલાવ્યાં હતાં. શેરબજારના વ્યવહારો માટે મહેશભાઈએ 19 જુલાઈ, 2003ના રોજ કંપનીને પાવર ઓફ એટર્ની આપ્યું હતું.

મહેશભાઈના અવસાનના આશરે એક મહિના બાદ તેમના મોબાઈલ પર નિવા બુપાની વીમા પોલિસી માટે રૂ. 7,000 કપાયાનો સંદેશ આવ્યો હતો. પરિવાર દ્વારા રિલેશનશિપ મેનેજર કનૈયા વેલુનો સંપર્ક કરતાં રકમ પરત કરાઈ હતી. જોકે, ફેબ્રુઆરી 2025માં ફરી પોલિસી રિન્યૂ કરવાનો મેસેજ આવતાં પરિવારે તપાસ કરી હતી.

ફરિયાદ મુજબ, રિલેશનશિપ મેનેજરે ટાર્ગેટ પૂરો કરવાના દબાણમાં જાણ બહાર પોલિસીઓ ખરીદાઈ હોવાનું જણાવ્યું હતું. કંપની પાસેથી મળેલા દસ્તાવેજોમાં જન્મતારીખ, મોબાઈલ નંબર અને ઈમેઈલની વિગતોમાં પણ વિસંગતતા જણાઈ હતી. કંપનીએ શરૂઆતમાં વહીવટી ભૂલ ગણાવી હતી અને પાંચથી છ મહિના બાદ પ્રીમિયમ પરત કર્યું હતું.

નવેમ્બર 2025માં HDFC બેંકના ઓપરેશન મેનેજરે ઈમેઈલમાં તમામ પોલિસીઓનું પેમેન્ટ નેટ બેન્કિંગ મારફતે થયાનું જણાવ્યું હતું. પાવર ઓફ એટર્નીનો નિર્ધારિત હેતુ સિવાય ઉપયોગ થયો હોવાના આક્ષેપ અંગે હવે પોલીસ તપાસ કરશે.

હરિનગર બ્રિજ પર બે રિક્ષા અને કાર વચ્ચે અકસ્માત, એકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.23

શહેરમાં અકસ્માતોની હારમાળા યથાવત છે. શુક્રવારે હરિનગર બ્રિજ પર બે ઓટોરિક્ષા અને એક ફોરવ્હીલર કાર વચ્ચે ભીષણ અકસ્માત સર્જાતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય કેટલાક લોકોને ઈજાઓ પહોંચી હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

બ્રિજ પરથી પસાર થતી બે રિક્ષા અને કાર વચ્ચે અચાનક જોરદાર ટક્કર થતાં રિક્ષાઓના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. અકસ્માતને પગલે રાહદારીઓ અને વાહનચાલકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી ટ્રાફિક પૂર્વવત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, અકસ્માતના કારણે બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી જતાં થોડા સમય માટે ટ્રાફિકજામ સર્જાયો હતો.

હરિનગર બ્રિજ પર અગાઉ પણ અકસ્માતોની ઘટનાઓ બની ચૂકી છે. વારંવાર થતા અકસ્માતોને પગલે સ્થાનિક રહીશોએ વાહનોની ગતિ નિયંત્રિત કરવા સ્પીડબ્રેકર મૂકવા અને ટ્રાફિક પોલીસની કડક વ્યવસ્થા કરવાની માંગ કરી છે. પોલીસે મૃતકની ઓળખ મેળવવા સહિત અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે.

યાત્રી સુવિધાઓ અંગે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ અને સૂચનો નોંધ્યા

વડોદરા મંડળમાં રેલ જન સંવાદ યોજાયો DRM રાજુ ભડકેએ યાત્રીઓ સાથે કર્યો સંવાદ

સ્પેશિયલ કેમ્પેઈન 6.0 હેઠળ દેશભરમાં કાર્યક્રમ, 21 સ્ટેશનો પર સ્વચ્છતા અંગે શ્રમદાન અને નુક્કડ નાટક

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

ભારતીય રેલવે દ્વારા દેશના તમામ રેલવે સ્ટેશનો પર રાષ્ટ્રવ્યાપી રેલ જન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ કેમ્પેઈન 6.0 હેઠળ યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેએ વડોદરા રેલવે સ્ટેશન ખાતે સ્વચ્છતા અને યાત્રી સુવિધાઓના વિષય પર યાત્રીઓ અને પેસેન્જર એસોસિએશન સાથે સીધો સંવાદ કર્યો હતો.

આ દરમિયાન ડીઆરએમ એ ઉપસ્થિત રેલકર્મીઓને સ્વચ્છતા શપથ લેવડાવ્યા હતા. તેમજ યાત્રીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા માટે સિવિલ ડિફેન્સની ટીમે નુક્કડ નાટક ભજવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સિનિયર મિકેનિકલ એન્જિનિયર અનિલ કુમારે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મંડળની ઉપલબ્ધિઓ અને પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીના દ્વારા જણાવ્યા અનુસાર, વડોદરા મંડળ હેઠળ વડોદરા, ભરૂચ, નડિયાદ, આણંદ અને ગોધરા સહિત 21 સ્ટેશનો પર નિયુક્ત અધિકારીઓ દ્વારા જનસંવાદ કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય સ્ટેશનો પર સ્ટેશન અધિક્ષકો દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાનમાં રેલવે અધિકારીઓ અને કર્મચારીઓએ યાત્રીઓ, યુવાનો અને સ્થાનિક સ્ટેક હોલ્ડર્સ સાથે સ્વચ્છતા અને યાત્રી સુવિધાઓ અંગે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ અને સૂચનો નોંધ્યા હતા. કાર્યક્રમ બાદ તમામ સ્ટેશનો અને પરિસરમાં શ્રમદાન પણ કરવામાં આવ્યું હતું. આ અભિયાન દ્વારા વડોદરા મંડળ માત્ર પડતર કેસોના નિકાલ પર જ ભાર નથી આપી રહ્યું, પરંતુ સ્ટેશનો પર સાફ-સફાઈ, કચરા વ્યવસ્થાપન અને નાગરિક જોડાણને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

સરકારી ઈ-પ્રમાણપત્રો પર હવે ડિજિટલ રાઉન્ડ સીલ મળશે

‘ડિજિટલ ગુજરાત ૨.૦’થી સિક્કા માટે કચેરીના ધક્કામાંથી મુક્તિ, સમય અને શ્રમની બચત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

રાજ્ય સરકારે ‘ડિજિટલ ગુજરાત 2.0’ અંતર્ગત સરકારી ઈ-પ્રમાણપત્રોની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનાવવા મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવી વ્યવસ્થા હેઠળ હવે તમામ સરકારી ઈ-પ્રમાણપત્રો પર અધિકૃત રાઉન્ડ સીલ ડિજિટલ સ્વરૂપમાં જ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

અત્યાર સુધી નાગરિકોને પ્રમાણપત્રો ઓનલાઈન મળી જતાં હતાં, પરંતુ તેના પર સિક્કો મરાવવા કે ખરાઈ કરાવવા માટે સરકારી કચેરીઓમાં જવું પડતું હતું. નવી સુવિધાથી આ વધારાની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે અને પ્રમાણપત્ર મેળવ્યા બાદ સિક્કા માટે અલગથી ધક્કા ખાવા નહીં પડે.

આ નિર્ણયથી નાગરિકોના સમય અને શ્રમની બચત થશે. ખાસ કરીને અભ્યાસ, ધંધા-રોજગાર અને અન્ય સરકારી કામગીરી માટે પ્રમાણપત્રોની જરૂરિયાત ધરાવતા લોકોને સરળતા રહેશે. વહીવટી પ્રક્રિયા ઝડપી બનવાની સાથે કચેરીઓમાં પણ બિનજરૂરી અવરજવર ઘટવાની અપેક્ષા છે.

આ પહેલથી પેપરલેસ ગવર્નન્સને પણ વેગ મળશે. ડિજિટલ પ્રમાણપત્રોના ઉપયોગથી ભૌતિક દસ્તાવેજો પરની નિર્ભરતા ઘટશે અને નાગરિકોને વધુ સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ થશે. રાજ્ય સરકારનો આ નિર્ણય ડિજિટલ વહીવટને મજબૂત બનાવવા અને નાગરિકો માટે જીવન સરળ બનાવવાના પ્રયાસનો ભાગ છે.

‘ડિજિટલ ગુજરાત 2.0’ હેઠળ સરકારી ઈ-પ્રમાણપત્રો પર હવે ડિજિટલ સીલ મળશે, કચેરીના ધક્કામાંથી નાગરિકોને મુક્તિ.

શ્રમિકોના પગાર વધારા માટે સીટુની માંગ, આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન (સીટુ)એ ગુજરાતના શ્રમિકો, આંગણવાડી અને આશા વર્કરોની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. સંગઠનના જણાવ્યા મુજબ, રાજ્યના અંદાજે 2.70 કરોડ શ્રમિકો ઓછા વેતને અને નિર્ધારિત સમય કરતાં વધુ કામ કરવા મજબૂર છે. મોંઘવારી વચ્ચે અનેક કામદારોને માત્ર રૂ. 5,500 માસિક વેતન મળતું હોવાનો અને દિવાળી બોનસ જાહેર ન કરાયાનો આક્ષેપ કરાયો છે.

સીટુએ ફેક્ટરીઓમાં અકસ્માતો, ફિક્સ પગાર અને કરાર આધારિત નોકરીઓ વધવા સામે પણ વિરોધ નોંધાવ્યો છે. સંગઠને મુખ્યમંત્રી અને શ્રમ મંત્રીને પત્ર પાઠવી પગાર વધારો, ફિક્સ પગાર પ્રથા નાબૂદ કરવા તથા સમાન કામ માટે સમાન વેતનની માંગ કરી છે. માંગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

સંગીતના તાલે દિવ્યાંગજનોએ માતાજીની આરાધના કરી

માંજલપુરમાં દિવ્યાંગ ગરબા મહોત્સવમાં ૬૦૦થી વધુ ખેલૈયા ગરબે ઘૂમ્યા

‘નિસહાય બ્લાઈન્ડ્સ ચેરિટેબલ ટ્રસ્ટ’ દ્વારા પંચાલ સમાજની વાડી ખાતે આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા પંચાલ સમાજની વાડી ખાતે ‘નિસહાય બ્લાઈન્ડ્સ ચેરિટેબલ સેવા ટ્રસ્ટ’ના ઉપક્રમે આયોજિત દિવ્યાંગ ગરબા મહોત્સવ ૨૦૨૬ ઉત્સાહભેર અને અદભુત માહોલ વચ્ચે સંપન્ન થયો હતો. છેલ્લા ૩૫ વર્ષથી વડોદરા શહેરમાં દિવ્યાંગોના ઉત્થાન માટે કાર્યરત આ સંસ્થા દ્વારા આ વર્ષે પણ દિવ્યાંગ ભાઈઓ અને બહેનો માટે અનોખા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા શહેર તેમજ આજુબાજુના વિસ્તારોમાંથી અંદાજે ૫૦૦ થી ૬૦૦ જેટલા દિવ્યાંગ ભાઈ-બહેનોએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

સંગીતના તાલે ગરબે ઘૂમીને ખેલૈયાઓએ માતાજીની આરાધના કરી હતી અને પોતાની અદભુત પ્રતિભા તથા કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ દિવ્યાંગ વ્યક્તિઓને પોતાની કલા રજૂ કરવા માટે એક ઉત્તમ મંચ પૂરો પાડવાનો તેમજ તેમનામાં આત્મવિશ્વાસ વધારવાનો હતો, જેથી સામાન્ય નાગરિકોની જેમ દિવ્યાંગો પણ નવરાત્રીના પર્વની પૂરી મજા માણી શકે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ દિવ્યાંગજનોનો ઉત્સાહ અને ઉમંગ સોળે કળાએ ખીલ્યો હતો. આ અવસરે વિવિધ દાતાઓ દ્વારા દિવ્યાંગો માટે નાસ્તા અને અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દિવ્યાંગ ગરબા મહોત્સવ આનંદ, ઉત્સાહ, સામાજિક એકતા અને સમાનતાના દિવ્ય સંદેશ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

વડોદરાના ભરતી મેળામાં ૨૩ ઉમેદવારોની પસંદગી

૧૧૦ ઉમેદવારોના ઇન્ટરવ્યૂ લેવાયા, રૂ. ૧૬થી ૨૨ હજાર સુધીના માસિક પગારની ઓફર

(પ્રતિનિધિ) વડોદરા તા.23

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની મદદનીશ રોજગાર નિયામકની કચેરી દ્વારા તરસાલી આઈટીઆઈ કેમ્પસ ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો હતો. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલા મેળામાં વિવિધ ક્ષેત્રોની આઠ કંપનીઓએ ભાગ લીધો હતો.

કંપનીઓ દ્વારા ઓપરેટર, ટેકનિશિયન, રિલેશનશિપ ઓફિસર, સેન્ટર એસોસિએટ અને ટ્રેઈની સહિતની કુલ ૧૪૦ જગ્યાઓ માટે સીધા ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. વડોદરા અને આસપાસના વિસ્તારોના આશરે ૧૧૦ ઉમેદવારોએ ભાગ લીધો હતો, જેમાંથી ૨૩ ઉમેદવારોની સ્થળ પર પસંદગી કરી રૂ. ૧૬,૦૦૦થી રૂ. ૨૨,૦૦૦ સુધીના માસિક પગારની ઓફર કરવામાં આવી હતી.

મદદનીશ રોજગાર નિયામક અલ્પેશ ચૌહાણે જણાવ્યું હતું કે, યુવાનોને રોજગારીની તકો સાથે કારકિર્દી અંગે માર્ગદર્શન આપવાનો પણ કચેરીનો ઉદ્દેશ છે. ઉમેદવારોને વિદેશમાં અભ્યાસ અને રોજગાર માટે સુરક્ષિત કાયદેસર સ્થળાંતર અંગે માર્ગદર્શન અપાયું હતું.

આ ઉપરાંત સરકારી રોજગાર, ઇન્ટર્નશિપ, નિઃશુલ્ક તાલીમ, સ્વરોજગાર અને સ્ટાર્ટઅપ લોન યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. અનુબંધમ અને નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર નોંધણી માટે વિશેષ કેમ્પ પણ યોજાયો હતો.

વડોદરા ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ‘આનંદથી આપવાનો ઉત્સવ’ ઉજવાયો

જરૂરિયાતમંદોને કપડાં, ખાદ્યસામગ્રી અને જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરાયું

અનાથાશ્રમની મુલાકાત લઈ બાળકો સાથે સમય વિતાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરા ઇન્સ્ટિટ્યૂટ, કોટંબી દ્વારા જરૂરિયાતમંદ લોકો અને બાળકોના જીવનમાં ખુશી, દયા અને પ્રેમ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ૨૧ ઓક્ટોબરના રોજ ‘આનંદથી આપવાનો ઉત્સવ’ (Joy of Giving) ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોની મુલાકાત લઈ જરૂરિયાતમંદ લોકોને કપડાં, ખાદ્યસામગ્રી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત અનાથાશ્રમની મુલાકાત લઈ બાળકો સાથે સમય વિતાવ્યો હતો. બાળકો સાથે પ્રેમ, હૂંફ અને ખુશીઓ વહેંચીને સામાજિક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા નાનકડું સેવાકાર્ય પણ કોઈના જીવનમાં મોટો બદલાવ લાવી શકે છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. સંસ્થાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવી જરૂરિયાતમંદોને મદદ કરવા તથા સેવાભાવ સાથે સમાજસેવા કરવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ભૌતિક વસ્તુઓની વહેંચણી સાથે પ્રેમ, આશા અને માનવતાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. જયેશકુમાર એસ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

વડોદરા રેલવે મંડળમાં પીવાના પાણીના ૩,૨૬૦ પરીક્ષણ સંતોષકારક

વડોદરા રેલવે મંડળમાં પીવાના પાણીના ૩,૨૬૦ પરીક્ષણ સંતોષકારક

તમામ નમૂનાઓમાં ક્લોરિન અને બેક્ટેરિયોલોજીકલ તપાસના પરિણામો યોગ્ય

(પ્રતિનિધિ) વડોદરા તા.23

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તા ચકાસવા માટે હાથ ધરાયેલા વિશેષ નિરીક્ષણ કાર્યક્રમમાં સંતોષકારક પરિણામો મળ્યાં છે. ૨૭ ઓગસ્ટથી ૨૧ ઓક્ટોબર દરમિયાન મંડળના તબીબી વિભાગ દ્વારા આ તપાસ કરાઈ હતી.

મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના નેતૃત્વ હેઠળ હાથ ધરાયેલા આ કાર્યક્રમમાં પીવાના પાણીનાં કુલ ૩,૨૬૦ પરીક્ષણો કરવામાં આવ્યાં હતાં. જેમાં રેસિડ્યુઅલ ક્લોરિનનાં ૨,૮૨૮ અને બેક્ટેરિયોલોજીકલનાં ૪૩૨ પરીક્ષણોનો સમાવેશ થાય છે. તપાસવામાં આવેલા તમામ નમૂનાઓ બંને માપદંડો પર સંતોષકારક જણાયા હોવાનું રેલવે તંત્રે જણાવ્યું છે. મંડળના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણાએ જણાવ્યું હતું કે, મુસાફરો અને રેલવે કર્મચારીઓને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે માટે નિયમિત નિરીક્ષણ કરવામાં આવે છે. જાહેર આરોગ્ય, સ્વચ્છતા અને સાફ-સફાઈનાં ધોરણો જાળવવા રેલવે તંત્ર સતત પ્રયત્નશીલ છે. આ પ્રકારની તપાસથી પાણીની ગુણવત્તા પર નજર રાખવામાં અને આરોગ્યલક્ષી સાવચેતી જાળવવામાં મદદ મળે છે.

કરવા ચોથની રોનકથી બજારોમાં ખરીદીનો માહોલ

ડિઝાઈનર માટીના કરવા, શણગારેલી પૂજા થાળીઓ મહિલાઓમાં આકર્ષણનું કેન્દ્ર

પંચતત્વના પ્રતીક સમાન માટીના વાસણો સાથે શુકનના ખાંડના કર્વાનું પણ પૂરજોશમાં વેચાણ

(પ્રતિનિધિ) વડોદરા વડોદરા તા.23

અખંડ સૌભાગ્ય અને પતિના દીર્ઘાયુષ્યની કામના સાથે ઉજવાતા પવિત્ર કરવા ચોથના તહેવારને લઈને બજારોમાં રોનક જોવા મળી રહી છે. એક સમયે મુખ્યત્વે ઉત્તર ભારતમાં ઉજવાતો આ તહેવાર હવે ગુજરાતમાં પણ લોકપ્રિય બન્યો છે. તહેવારની તૈયારીઓ માટે મહિલાઓ પૂજા સામગ્રી, શણગારની વસ્તુઓ અને પરંપરાગત વાસણોની ખરીદી કરી રહી છે.

કરવા ચોથની પૂજામાં માટીના કરવાનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આ વર્ષે સાદા કરવાને બદલે વિવિધ કલાત્મક ડિઝાઈનવાળા કરવા બજારમાં ઉપલબ્ધ થયા છે. હેન્ડ પેઈન્ટિંગ, જરી-મોતી, કુંદન વર્ક અને મિરર વર્કથી સજાવેલા આ કરવાં મહિલાઓને આકર્ષી રહ્યાં છે. ગ્રાહકોની પસંદગી અને સાઈઝ પ્રમાણે આ કરવાં રૂ. ૪૦થી રૂ. ૧૫૦ સુધીની કિંમતે વેચાઈ રહ્યાં છે. પૂજાની વિધિને સરળ અને આકર્ષક બનાવવા માટે બજારમાં શણગારેલી રેડીમેડ થાળીઓ પણ વેચાઈ રહી છે. આ થાળીઓમાં દીવા માટેની જગ્યા, ચળકતી લેસ અને ચરણીના સેટને સુંદર રીતે ગોઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત પરંપરાગત શુકન માટે ઉપયોગમાં લેવાતા ખાંડમાંથી બનાવેલા નાના ‘ખાંડના કરવા’ની ખરીદીમાં પણ મહિલાઓ રસ દાખવી રહી છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં કરવા ચોથનું વ્રત રાખતી મહિલાઓની સંખ્યામાં વધારો થયો છે. તેના કારણે તહેવાર દરમિયાન બજારમાં મોસમી તેજી જોવા મળી રહી છે. પૂજા સામગ્રીની સાથે સુંદર પોશાક, ઘરેણાં, કલાત્મક માટીના કરવાં અને શણગારેલી થાળીઓ આ વખતના તહેવારની ખરીદીમાં વિશેષ આકર્ષણ બન્યાં છે.

NMMS પરીક્ષાનો ફોર્મ 30 ઓક્ટોબર સુધી ભરી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.23

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ 2026-27ની નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાનાં આવેદનપત્રો ભરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી વિદ્યાર્થીઓ અને વાલીઓને રાહત મળી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના પરિપત્ર મુજબ, અગાઉ ઓનલાઈન આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા તા. 15થી 24 સુધી નિર્ધારિત કરવામાં આવી હતી. હવે વિદ્યાર્થીઓના હિતમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ લંબાવીને તા. 30 કરવામાં આવી છે. જ્યારે ઓનલાઈન પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ તા. 31 રહેશે. આર્થિક રીતે નબળા પરંતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા મહત્ત્વપૂર્ણ છે. પરીક્ષામાં સફળ થનારા વિદ્યાર્થીઓને દર વર્ષે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. મુદત વધતાં હજુ સુધી ફોર્મ ન ભરી શકેલા વિદ્યાર્થીઓને અરજી કરવાની વધુ તક મળશે. પરીક્ષા અંગેની અન્ય તમામ વિગતો અગાઉના જાહેરનામા મુજબ યથાવત રહેશે તેમ રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવે જણાવ્યું છે.

વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના સાનિધ્યમાં છ દિવસીય આધ્યાત્મિક પ્રવાસ

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં VYO કૃષ્ણધામનો પ્રથમ પાટોત્સવ, ૨૫ ઓક્ટોબર સુધી ભવ્ય આયોજન

વચનામૃત અને નંદમહોત્સવ સહિતના કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.23

સિડની ખાતે દક્ષિણ ગોળાર્ધની વિશાળ પુષ્ટિમાર્ગીય હવેલી ગણાતા VYO કૃષ્ણધામ સંકુલનો પ્રથમ પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવાની તૈયારીઓ કરવામાં આવી છે. વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી 108 શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી છ દિવસના આધ્યાત્મિક પ્રવાસે ઓસ્ટ્રેલિયા પધાર્યા છે. તેમના મંગલ સાનિધ્ય અને અધ્યક્ષતામાં 23, 24 અને 25 ઓક્ટોબરના રોજ વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) દ્વારા આયોજિત આ પાટોત્સવમાં ઓસ્ટ્રેલિયાના વિવિધ શહેરોમાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો અને સનાતન ધર્મપ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાશે. મહોત્સવ દરમિયાન પૂજ્યશ્રીના ત્રણ દિવસીય વચનામૃતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો, શ્રીકૃષ્ણ ભક્તિ, આધ્યાત્મિક જીવનશૈલી અને ભારતીય સંસ્કારોના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

મહોત્સવમાં બાળકો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને શ્રીકૃષ્ણ ભક્તિ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ યુવાનો માટે પ્રેરણાત્મક કાર્યક્રમો યોજાશે. શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભાવનાને ઉજાગર કરતો ભવ્ય નંદમહોત્સવ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. શરદપૂર્ણિમાના પાવન અવસરે રાસોત્સવનું આયોજન કરાશે, જેમાં ભક્તિ, સંગીત અને રાસ દ્વારા વૈષ્ણવો શ્રીકૃષ્ણપ્રેમની અનુભૂતિ કરશે.

પ્રવાસ દરમિયાન ‘લાઈફ બ્લિસ-ચક્ર બેલેન્સિંગ મેડિટેશન’ કાર્યક્રમ પણ યોજાશે. તેમાં માનસિક શાંતિ, એકાગ્રતા અને આંતરિક આનંદ માટે માર્ગદર્શન અપાશે.

શ્રી વ્રજરાજકુમારજીના માર્ગદર્શન હેઠળ VYO વિશ્વના 18થી વધુ દેશોમાં ભારતીય સંસ્કૃતિ, પુષ્ટિમાર્ગીય પરંપરા, યુવા જાગૃતિ અને માનવસેવાના કાર્યો કરે છે. સિડનીનું કૃષ્ણધામ વિદેશમાં ભારતીય સંસ્કૃતિ અને પુષ્ટિમાર્ગીય આસ્થાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

દશાબાજ વણિક સમાજ વડોદરાનો નવરાત્રી મહોત્સવ ૨૫મીએ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા

શ્રી દશાબાજ વણિક સમાજ, વડોદરા દ્વારા એક દિવસીય નવરાત્રી મહોત્સવનું આયોજન તા. 25 ઓક્ટોબર, રવિવારે ચાણોદના પરમહિત ધામ ખાતે કરવામાં આવ્યું છે. બપોરે પ્રખર કથાકાર નયનભાઈ શાસ્ત્રીજી દ્વારા પુરુષોત્તમ યજ્ઞ યોજાશે. ત્યારબાદ વિવિધ રમતો અને સાંજે ગરબાનું આયોજન કરાયું છે. વિજેતાઓને ઇનામો તથા લહાણીનું વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમમાં સહભાગી થવા માટે વડોદરાના વાઘોડિયા રોડ અને માંજલપુરથી બસની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઓન લાઇન ટેન્ડરીંગ

માર્ગ અને મકાન વિભાગ

જાહેર નિવિદા-૧૬ સને : ૨૦૨૬ - ૨૭

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા-૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી એક નવીન મકાનના કામ માટે ઓન લાઇન ટેન્ડર એસબીડી ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૨૧૦૪.૪૮ લાખ સુધીની છે.

પ્રસ્તુત કામ માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnbtender.nprocure.com પર તા. ૧૭.૧૧.૨૬, ૧૨ : ૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે તથા ટેન્ડર સબમીશનની તા. ૧૭.૧૧.૨૬, ૧૮ : ૦૦ કલાક સુધી રહેશે. જ્યારે કામના ઓન લાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટસ ઈજારદારશ્રીએ રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૧૭.૧૧.૨૬ થી તા. ૨૪.૧૧.૨૬ ના રોજ સાંજના ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૫૭૯/૨૬)

હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ

સંપર્ક સરનામું: A-6, ત્રીજો માળ, સેક્ટર-4, નોઈડા - 201301.
રજિસ્ટર્ડ ઓફિસ: 09, કમ્યુનિટી સેન્ટર, વસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057
HeroHousing Finance ફોન: 011 49267000, ટોલ ફ્રી નંબર: 1800 212 8800, ઈમેઈલ: customer.care@herohfl.com
વેબસાઈટ: www.herohousingfinance.com | CIN: U65192DL2018PLC30148

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (“એક્ટ”)ની કલમ 13 (2) હેઠળ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 (“રૂલ્સ”)ના નિયમ 3 સાથે વાંચતા.

જેમ કે અધોહસ્તાક્ષરકર્તા એક્ટ હેઠળ હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ (HHFL)ના અધિકૃત અધિકારી હોવાના નાતે અને રૂલ્સના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(12) હેઠળ મળેલ સત્તાઓની રૂએ, એક્ટની કલમ 13(2) હેઠળ નીચે દર્શાવેલ તારીખોએ વિગતવાર માંગણી નોટિસો જારી કરી ચૂક્યા છે, જેમાં નીચે સૂચિબદ્ધ દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/જામીનદાર(રો) (તમામને વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે “જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિઓ” તરીકે સંબોધિત)ને નીચે દર્શાવેલ વિગતો મુજબ સંબંધિત નોટિસ/ઓની તારીખથી 60 દિવસની અંદર સંબંધિત માંગણી નોટિસ/ઓમાં જણાવેલ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું. ઉક્ત નોટિસોની નકલો રજિસ્ટર્ડ પોસ્ટ A.D. દ્વારા મોકલવામાં આવી છે અને અધોહસ્તાક્ષરકર્તા પાસે ઉપલબ્ધ છે, અને ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(રો)/કાનૂની પ્રતિનિધિ(ઓ) જો ઇચ્છે તો સામાન્ય કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમિયાન અધોહસ્તાક્ષરકર્તા પાસેથી તેની સંબંધિત નકલ મેળવી શકે છે.
ઉપરોક્તના સંદર્ભમાં, ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(રો)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે તેઓ સંબંધિત નોટિસ/ઓની તારીખથી 60 દિવસની અંદર HHFLને તેમના સંબંધિત નામો સામે નીચે દર્શાવેલ રકમ, તથા કૉલમ (d)માં નીચે દર્શાવેલ સંબંધિત તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધીનું વધુ વ્યાજ, જે ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) દ્વારા નિષ્પાદિત કરવામાં આવેલ લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખિતો સાથે વાંચવામાં આવે તે મુજબ ચૂકવી આપે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા (જામીનગીરી) તરીકે, નીચે મુજબની જામીનગીરી વાળી મિલકત(ઓ) ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) દ્વારા અનુક્રમે HHFL પાસે ગીરો મૂકવામાં આવી છે.

લોન ખાતા નંબર	જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(રો)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ના નામ	નીચે દર્શાવેલ તારીખ મુજબ કુલ બાકી નીકળતી રકમ (રૂ. માં)	માંગણી નોટિસની તારીખ	NPA ની તારીખ
HHFVADHOU 24000046167, HHFVADIPL 24000046168	એઝાવા સિજુ થુલેસીધરન, પ્રસીના તુલસીધરન એઝાવા	Rs. 22,46,691/- Due as on 13-Oct-2026	15.10.2026	04.10.2026

જામીનગીરી વાળી મિલકતો / સ્થાવર મિલકતો / ગીરો મૂકેલી મિલકતોનું વર્ણન: મોજે સયાજીપુરા, વડોદરા સ્થિત બિન-ખેતી વિષયક જમીનનો પ્લોટ જેનો R.S. નંબર 89, T.P. સ્કીમ નંબર 1, F.P. નંબર 53 ધરાવતી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જે “SHILP GREENS” તરીકે ઓળખાય છે, પૈકી પાંચમો માળ, ફ્લેટ નંબર A/504, જેનું બિલ્ટ-અપ ક્ષેત્રફળ 50.72 ચોરસ મીટર છે, જમીનમાં અવિભાજિત હિસ્સો 28.18 ચોરસ મીટર છે, રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ વડોદરા અને ડિસ્ટ્રિક્ટ વડોદરા ખાતે આવેલ છે. ટાઇટલ દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબની કોમન સુવિધાઓ સાથે. મિલકતની સીમાઓ: પૂર્વ: કોમન પેસેજ, લિફ્ટ અને ઓપન સ્પેસ, પશ્ચિમ: સ્કાય ઓપન સ્પેસ, ઉત્તર: સ્કાય ઓપન સ્પેસ, દક્ષિણ: ફ્લેટ નંબર A/503.

ઉપર દર્શાવેલ સંબંધિત માંગણી નોટિસમાં જણાવ્યા મુજબ વધુ વ્યાજ, વધારાનું વ્યાજ, ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી થયેલા આકસ્મિક ખર્ચ, પડતર, ચાર્જીસ વગેરે સાથે. જો ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ) ઉપર જણાવ્યા મુજબ HHFLને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો HHFL ઉક્ત એક્ટની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉક્ત જામીનગીરી વાળી મિલકત(ઓ)/સ્થાવર મિલકત(ઓ) સામે આગળની કાર્યવાહી કરશે, જે ખર્ચ અને પરિણામો અંગે સંપૂર્ણપણે ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(રો)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ના જોખમે રહેશે.
ઉક્ત જવાબદાર વ્યક્તિ(ઓ)/કાનૂની વારસદાર(રો)/કાનૂની પ્રતિનિધિ(ઓ)ને ઉક્ત એક્ટ હેઠળ HHFLની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ રીતે ઉક્ત જામીનગીરી વાળી મિલકત(ઓ)/સ્થાવર મિલકતને ટ્રાન્સફર કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે. જે કોઈ વ્યક્તિ એક્ટ અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘનમાં મદદ કરશે, તે એક્ટ હેઠળની જોગવાઈ મુજબ કેદ અને/અથવા દંડની શિક્ષાને પાત્ર થશે.

તારીખ: 24-Oct-2026 સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ: વડોદરા ફોર હીરો હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ